Department of
**Education**

GOVERNMENT OF
WESTERN AUSTRALIA

# એપ્રેન્ટિસશીપ્સ અને ટ્રેઈનીશીપ્સ

## માતાપિતા અને સંભાળકર્તાઓમાટે માહિતી

એપ્રેન્ટિસશીપ્સ અને ટ્રેઈનીશીપ્સ (તાલિમાર્થીપણું)એ શીખવાના માર્ગો છે જે નોંધાયેલ તાલીમ આપનાર સંસ્થા સાથે વેતનવાળાં રોજગાર તથા તાલીમ અને ઔપચારિક શિક્ષણને જોડે છે. એપ્રેન્ટિસશીપ અથવા તાલિમાર્થીપણું પૂર્ણ થયા પછી વ્યક્તિ વ્યવહારુ કુશળતા અને રાષ્ટ્રીય સ્તરે માન્ય લાયકાતથી સજ્જ થશે.

એપ્રેન્ટિસશીપ ઓફિસ[1]ની વેબસાઇટ અને એપ્રેન્ટિસશીપ સપોર્ટ[2]ની વેબસાઇટ પર માહિતી અને ટેકો ઉપલબ્ધ છે.

### એપ્રેન્ટિસશીપ શું છે?

એપ્રેન્ટિસને કૌશલ્યવાળા વ્યવસાયમાં તાલીમ આપવામાં આવે છે અને તેઓ રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત કાર્યલક્ષી શિક્ષણ અને તાલીમ (વીઈટી) લાયકાત ધરાવતા પાત્ર વ્યાવસાયિક બને છે. એપ્રેન્ટિસશીપએ સામાન્ય રીતે 3.5 કે ચાર વર્ષના સમયગાળાની માળખાગત તાલીમ વ્યવસ્થા છે. આ તાલીમ કામના વ્યવહારુ અનુભવને, નોંધાયેલ તાલીમ આપતી સંસ્થા સાથે, રોજગાર સિવાયની પૂરક તાલીમ સાથે જોડે છે.

### તાલીમાર્થીપણું (ટ્રેઈનીશીપ) શું છે?

તાલીમાર્થીઓ વ્યાવસાયિક ક્ષેત્રમાં કુશળ બને છે અને જ્યારે પૂર્ણ કરે ત્યારે રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત વીઈટી લાયકાત મેળવે છે. ટ્રેઈનીશીપ ઉદ્યોગ અને ઉપલબ્ધ રોજગારની તકોની સમજ પૂરી પાડે છે. ટ્રેઈનીશીપએ તાલીમાર્થી અને તેમના સંબંધિત નોકરીદાતા વચ્ચેનો તાલીમ કરાર છે, જેમાં નોકરીદાતા તાલીમાર્થીને ચોક્કસ ઉદ્યોગમાં તાલીમ આપવા સંમત થાય છે, અને તાલીમાર્થી કામ કરવા અને શીખવા માટે સંમત થાય છે. ટ્રેઈનીશીપ સામાન્ય રીતે નવથી 48 મહિનાની વચ્ચે ચાલે છે, જે ઉદ્યોગના વિસ્તાર અને હાથ ધરવામાં આવેલા પ્રમાણપત્રના સ્તરને આધારે હોય છે.

[1] https://www.dtwd.wa.gov.au/apprenticeship-office
[2] *https://www.apprenticeshipsupport.com.au/Apprentices/What-is-an-apprenticeship*

D23/0256435
February 2023

CC BY
Exclusions may apply

## શાળા-આધારિત એપ્રેન્ટિસશીપ્સ અને ટ્રેઇનીશીપ્સ

શાળા-આધારિત એપ્રેન્ટિસશીપ્સ અને ટ્રેઇનીશીપ્સ પૂર્ણ સમય શાળાએ જતાં વિદ્યાર્થી અને એક નોકરીદાતા વચ્ચે તાલીમ આપવાનો વેતન સાથે રોજગાર કરાર છે.

શાળા-આધારિત એપ્રેન્ટિસશીપ્સ અને ટ્રેઇનીશીપ્સ યુવાનોને, તેમના ઉચ્ચતર માધ્યમિક શાળાના અભ્યાસને, નોંધાયેલ તાલીમ આપતી સંસ્થા સાથે પગારદાર અર્ધકાલિન રોજગાર અને નોકરીની બહાર તાલીમ સાથે, જોડવાની મંજૂરી આપે છે. વિદ્યાર્થીઓ વાસ્તવિક કાર્યસ્થળની અંદર હાથોહાથ ઉદ્યોગના અનુભવ દ્વારા રોજગાર કૌશલ્યો વિકસાવે છે અને રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત લાયકાતનો અભ્યાસ કરે છે. શાળા આધારિત એપ્રેન્ટિસશીપ અથવા તાલીમાર્થીપણું વિદ્યાર્થીના વ્યાપક શિક્ષણ કાર્યક્રમનો એક ભાગ બની જાય છે.

## શાળા-આધારિત એપ્રેન્ટિસશીપ્સ અને ટ્રેઇનીશીપ્સ કોના માટે છે?

અવિકલ્પ એવા વિદ્યાર્થીઓ માટે છે જેમને એક ચોક્કસ વ્યવસાય અથવા કાર્યલક્ષી કારકિર્દી પાથવે પર આગળધવામાં રસ છે અને તેમની ઉચ્ચતર માધ્યમિક શાળા પણ પૂર્ણ કરવા ઇચ્છે છે.

## શું શાળાએ વિદ્યાર્થીની તાલીમ યોજનાને સમર્થન આપવાની જરૂર છે?

વિદ્યાર્થીના એકંદર શાળા કાર્યક્રમના ભાગરૂપે શાળા દ્વારા, શાળા-આધારિત એપ્રેન્ટિસશીપ અને ટ્રેઇનીશીપની તકોને સમર્થન આપવું જરૂરી છે.

**શાળા આધારિત એપ્રેન્ટિસશીપ અને ટ્રેઇનીશીપ વિશે વધુ જાણો** શાળા વીઇટી સંયોજકો શાળા આધારિત એપ્રેન્ટિસશીપ અને ટ્રેઇનીશીપ વિશે માહિતી અને સલાહ આપી શકશે. ડિપાર્ટમેન્ટ ઓફટ્રેઇનિંગ અને વર્કફોર્સ ડેવલેપમેન્ટ[3] વેબસાઇટ અને જોબ અને સ્કીલ્સ ડબ્લ્યુએ[4]વેબસાઇટ ઉપર વધુ માહિતી મેળવી શકાય છે.

[3] https://www.dtwd.wa.gov.au/apprenticeship-office/apprenticeships-traineeships-for-secondary- school-students
[4] https://www.jobsandskills.wa.gov.au/training/schools-and-school-students



Exclusions may apply